સંદર્ભમાં ફેડરેશનના નિયામક મંડળ દ્વારા **૨૧ જૂન ૨૦૧૧ ની સભામાં મહેસાણા દૂધ સંઘને ૯ લાખ લિટર પ્રતિ દિવસ મિલ્ક પેકેજીંગ પ્લાન્ટની મંજૂરી આપવામાં આવી હતી.** અમે વધુમાં આપને જણાવવા માંગીએ છીએ કે, મહેસાણા દૂધ સંઘ દ્વારા ધારુહેડા પ્લાન્ટની સ્થાપના કર્યા બાદ, એટલે કે પૂર્વમંજૂરી વિના જ, ફેડરેશનના નિયામક મંડળ પાસે પ્લાન્ટ સ્થાપવાની મંજૂરી માંગતી દરખાસ્ત કરવામાં આવી. દૂધ સંઘ દ્વારા પ્લાન્ટની સ્થાપના થઈ ગઈ હોવાથી **ફેડરેશનના નિયામક મંડળે ઉદારતા દાખવીને નિર્ધારિત ક્ષમતાવાળો પ્લાન્ટ મંજૂર કરેલ હતો. માત્ર ૯ લાખ લિટર પ્રતિ દિવસનો પ્લાન્ટ સ્થાપવાની મંજૂરી છતાં તેની સામે દૂધ સંઘ દ્વારા ૩૦ લાખ લિટર પ્રતિ દિવસનો પ્લાન્ટ ₹ ૩૦૦ કરોડથી વધુના ખર્ચે સ્થાપવામાં આવેલ.**

૩.૨) કડી અને પાટણ :

દૂધ સંઘ પાસે ૨૫ લાખ લિટર પ્રતિ દિવસનો પ્લાન્ટ મહેસાણા ખાતે હોવા છતાં, કડી અને પાટણ ખાતે અનુક્રમે ૫ અને ૩ લાખ લિટર પ્રતિ દિવસનો પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે જેની કોઈ પણ પ્રકારની મંજૂરી ફેડરેશન પાસેથી લીધેલ નથી. આમ, દૂધ સંઘ પાસે **મહેસાણા જિલ્લામાં ૩૩ લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા પ્લાન્ટ છે જેની સામે ૨૦૧૪-૧૫નું મહેસાણા જિલ્લાનું દૂધ સંપાદન ફક્ત ૧૬.૬૨ લાખ લિટર પ્રતિ દિવસ હતું.**

૩.૩) કેટલફીડ પ્લાન્ટ :

દૂધ સંઘ દ્વારા ઉંબખલ અને બોરીયાવી સિવાય, જગુદણ ખાતે **૧૦૦૦ મેટ્રિકટન પ્રતિ દિવસની ક્ષમતાનો કેટલફીડ પ્લાન્ટ ₹ ૪૬.૭૬ કરોડના** ખર્ચે બનાવવામાં આવ્યો છે જે સાથે દૂધ સંઘ પાસે કુલ ૧૯૦૦ મેટ્રિકટન પ્રતિ દિવસની કેટલફીડ બનાવવાની ક્ષમતા થાય છે. જેની સરખામણીમાં વર્ષ **૨૦૧૪-૧૫ દરમિયાન અંદાજિત દરરોજનું ફક્ત ૭૬૦ મેટ્રિક ટન દાણ બનાવવામાં આવેલ હતું. એટલે કે ક્ષમતાનો માત્ર ૪૦% જેટલો જ ઉપયોગ થયેલ છે.** વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન જે દાણ બનાવવામાં આવેલું તે નવો કેટલફીડ પ્લાન્ટ હોવા છતાં પાછલાં વર્ષોની સરખામણીમાં ઓછું બનેલ.

૩.૪) દિલ્હી ખાતે ઘર અને ઓફિસની ખરીદી :

દૂધ સંઘ દ્વારા ચાણક્યપુરી, **દિલ્હી ખાતે અંદાજિત ₹ ૧૮ કરોડના ખર્ચે ઘર ખરીદવામાં આવેલ છે. તે જ રીતે દૂધસંઘ દ્વારા અમદાવાદ ખાતે ₹ ૨.૭૫ કરોડના ખર્ચે ઓફિસ ખરીદવામાં આવી છે.** તે ઉપરાંત દૂધ સંઘ દ્વારા માનેસર અને ધારુહેડા ખાતે અધિકારીઓ માટે ફ્લેટ્સ બાંધવામાં આવેલ છે અને તેની પાછળ ખૂબ મોટા બિનજરૂરી ખર્ચા પણ કરવામાં આવેલ છે. અમે આપને જણાવવા માંગીએ છીએ કે, અન્ય કોઈ પણ દૂધ સંઘ દ્વારા આ પ્રકારની ઓફિસની અથવા ઘરની ખરીદી કરવામાં આવેલ નથી.

૪) વિવિધ દૂધની બનાવટોનું નીચું ઉત્પાદન

વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ફેડરેશન તરફથી મહેસાણા દૂધ સંઘને નીચે મુજબની દૂધની બનાવટોનું ઉત્પાદન કરવા માંગણી કરેલ હતી. તેની સરખામણીમાં દૂધ સંઘ દ્વારા જે દૂધની બનાવટોનું ઉત્પાદન કરેલ છે તેની માહિતી નીચે મુજબ છે :

દૂધની બનાવટો	૨૦૧૪-૧૫		
	ફેડરેશન તરફથી મળેલ આયોજન (મેટ્રિક ટનમાં)	દૂધ સંઘ દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલ બનાવટો (મેટ્રિક ટનમાં)	દૂધ સંઘ દ્વારા ઓછા જથ્થામાં ઉત્પાદિત કરવામાં આવેલ બનાવટો (મેટ્રિક ટનમાં)
બટર	૧૫૧૨૦	૧૧૨૧૧	-૩૯૦૯
અમુલ સ્પ્રે	૨૮૫૨૦	૨૧૬૦૩	-૬૯૧૭
અમૂલ્યા	૧૩૧૦	૭૫૧	-૫૫૯
સ્કિમ્ડ મિલ્ક પાવડર	૨૦૦૦	૨૨૩૫	૨૩૫
ઘી	૮૦૩૦	૫૩૧૨	-૨૭૧૮
ફ્લેવર્ડ મિલ્ક	૧૧૪૫	૯૪૧	-૨૦૪

ઉપરોક્ત ટેબલ પરથી સાબિત થાય છે કે દૂધ સંઘ દ્વારા મોટાભાગની બનાવટોનો જથ્થો ફેડરેશનની માંગણી કરતાં ઓછો પૂરો પાડવામાં આવેલ હતો. અને તેની સીધી અસર ફેડરેશનના વેચાણ ઉપર થઈ છે. **ફેડરેશન દ્વારા નિશ્ચિત કરેલ દૂધના જથ્થા કરતાં ઓછી દૂધ અને દૂધની બનાવટો ઉત્પાદિત થઈ કારણ કે મહેસાણા દૂધ સંઘ દ્વારા ગુજરાતમાંથી કરવામાં આવતા દૂધ સંપાદનમાં ગત વર્ષ કરતા ૩% નો ઘટાડો નોંધાયેલ છે. જ્યારે તેની સામે ફેડરેશનના ગુજરાતના દૂધ સંપાદનમાં ૯% જેટલો વધારો નોંધાયેલ છે.**

૫) NCDCના પ્રોજેક્ટ બાબત :

ગુજરાતના દરેક દૂધ સંઘ વિવિધ પ્રોજેક્ટ માટે એનસીડીસીની મંજૂરી મળ્યા બાદ ગેરંટી મેળવવા હેતુસર ફેડરેશનનો સંપર્ક કરે છે. ફેડરેશન દ્વારા દરેક દૂધ સંઘ તરફથી મળેલ પ્રોજેક્ટ દરખાસ્ત ફેડરેશન નિયામક મંડળની મંજૂરી અર્થે મૂકે છે. દૂધ સંઘના કોઈપણ પ્રકારના પ્રોજેક્ટને ગેરંટી આપતા પહેલાં નિયામક મંડળ દ્વારા પ્રોજેક્ટ અંગેની હકીકતો, નાણાંકીય જોખમ વગેરે ધ્યાનમાં લેવામાં આવે છે. તેની યોગ્ય મુલવણી બાદ જ યોગ્ય નિર્ણય કરવામાં આવે છે. કારણ કે ફેડરેશનની ગેરંટી પછી કોઈ પણ દૂધ સંઘ કસૂરદાર જાહેર થાય તો તેની જવાબદારી ગુજરાતના બધા ખેડૂતોની થાય છે.

ફેડરેશન દ્વારા અત્યાર સુધીમાં વિવિધ પ્રોજેક્ટ માટે **મહેસાણા દૂધ સંઘને ૨૯૭ બલ્ક કૂલર અને ૪૭ દૂધઘર માટે ₹ ૩૪ કરોડની ગેરંટી આપેલ છે.** વધુમાં, દૂધ સંઘના બે પ્રોજેક્ટની મંજૂરી ફેડરેશન નિયામક મંડળ તરફથી આપવામાં આવેલ નથી તેની માહિતી અને કારણો નીચે મુજબ છે.

૫.૧ ગુજરાત બહારથી દૂધ સંપાદન માટે ૪૦૦૦ એએમસીએસ (AMCS - ઓટોમેટિક મિલ્ક કલેકશન સિસ્ટમ)ની મંજૂરી બાબત :

આ બાબત અહીં નોંધવી ઘટે કે મહેસાણા દૂધ સંઘ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન મહેસાણા જિલ્લાની ૧૩૧૩ મંડળીઓમાંથી પ્રતિ દિવસ ૧૭ લાખ લિટર દૂધ સંપાદિત કરવામાં આવેલ. આ ૧૩૧૩ મંડળીઓ ઉપર અંદાજિત ૧૫૦૦ એએમસીએસ મુકવામાં આવેલ છે.

મહેસાણા દૂધ સંઘે ૪૦૦૦ વધુ એએમસીએસ ગુજરાત રાજ્ય બહારની દૂધ મંડળીઓ ખાતે મૂકવા માટે ₹ ૪૮ કરોડની ગેરંટીની માંગ કરેલ હતી. અહીં એ નોંધવું ઘટે કે આ તમામ **૪૦૦૦ એએમસીએસ ગુજરાત રાજ્ય બહાર એટલે કે રાજસ્થાન રાજ્યનાં ગામડાંઓમાં મૂકવાનું આયોજન હતું.** આ પ્રોજેક્ટની માહિતી અને તેને લગતી અન્ય વિગતો ટૂંકમાં નીચે મુજબ છેઃ

વિગતો	મહેસાણા દૂધ સંઘના વિસ્તારમાંથી	ગુજરાત રાજ્ય બહારથી	રિમાર્ક્સ
દૂધ સંપાદન (લાખ કિલોગ્રામ પ્રતિ દિવસ)	૧૭.૧૧	૮.૯૨	
કુલ મંડળીઓ	૧૩૧૩	૮૧૧૯	
દૂધ મંડળી દીઠ રોજનું સરેરાશ દૂધ સંપાદન (કિલોગ્રામ)	૧૨૫૫	૧૦૬	
કુલ એએમસીએસ	૧૫૦૦	૪૦૦૦	દૂધ સંઘ દ્વારા ૪૦૦૦ એએમસીએસ ગુજરાત રાજ્યની બહારની દૂધ મંડળીઓ ખાતે મૂકવાની દરખાસ્ત ફેડરેશનને કરવામાં આવેલ હતી જે ફેડરેશનના નિયામક મંડળ દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે.

૪૦૦૦ એએમસીએસની ખરીદી ગુજરાત બહારની મંડળીઓ માટે કરવી તે ખૂબ ખર્ચાળ, નાણાંકીય જોખમયુક્ત અને બિનવ્યાજબી લાગતાં, ફેડરેશન દ્વારા અમુક પ્રશ્નો પૂછવામાં આવેલ. આ પ્રશ્નો પૂછવાનાં મુખ્ય કારણો એ હતાં કે દૂધ મંડળીઓ ક્યાંથી દૂધ સંપાદિત કરે છે ? તેના સભાસદ કોણ છે ? દૂધ સંઘે મંડળીઓ સાથે કોઈ કરાર કરેલ છે કે નહીં ? વગેરેની માહિતી મેળવવા માટે પ્રશ્નો પૂછવામાં આવેલ. વધુમાં ફેડરેશનના નિયામક મંડળ દ્વારા પણ આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવેલ નથી.

૫.૨) દૂધ ઉત્પાદકો માટે મોર્ડન ડેરી ફાર્મ બનાવવા બાબત :

મહેસાણા દૂધ સંઘ દ્વારા **₹ ૪૮.૩૦ કરોડના ખર્ચે દૂધ ઉત્પાદકો માટે મોર્ડન ડેરી ફાર્મ બનાવવા માટે ફેડરેશન પાસેથી ગેરંટીની માંગણી કરેલ હતી.** આ પ્રોજેક્ટમાં દૂધ સંઘ અને દૂધ ઉત્પાદકો સીધા સંકળાયેલા હોવાથી ફેડરેશન દ્વારા દૂધ સંઘ જાતે NCDCને ગેરેન્ટી આપે તેમ સૂચન કર્યું હતું. વધુમાં ફેડરેશનના નિયામક મંડળ દ્વારા પણ આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવેલ નથી.

૬. મહેસાણા દૂધ સંઘ દ્વારા કરવામાં આવતી ખરીદીમાં મોટા ગોટાળા :

મહેસાણા દૂધ સંઘ દ્વારા કરવામાં આવતા પરચેઝમાં મોટા પ્રમાણમાં ગેરરીતિઓ આચરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ફેડરેશન દ્વારા તમામ દૂધ સંઘો વતી ખાંડની ખરીદી સહકારી ખાંડ ઉદ્યોગ પાસેથી કરવામાં આવે છે જેથી કરીને એક સરખી ગુણવત્તા ધરાવતી ખાંડ ઓછા ભાવમાં મળી રહે. ફેડરેશન દ્વારા મહેસાણા દૂધ સંઘને અનેક વખત વિનંતી કરીને ફેડરેશન દ્વારા જ ખાંડ ખરીદવા માટે વિનંતી કરવામાં આવેલ હતી. પરંતુ મહેસાણા દૂધ સંઘ દ્વારા ફેડરેશનની આ વિનંતી પણ માનવામાં આવેલ નહિ અને ખાંડના પ્રાઈવેટ સપ્લાયર પાસેથી સંઘ દ્વારા સીધી ખરીદી કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન, મહેસાણા દૂધ સંઘ દ્વારા ખાંડના ₹ ૩૯.૫૦ પ્રતિ કિલોગ્રામ પ્રાઈવેટ સપ્લાયરને ચુકવવામાં આવ્યા હતા જેની સરખામણીમાં ફેડરેશન દ્વારા એ જ ગુણવત્તા ધરાવતી ખાંડના ₹ ૨૯.૨૧ પ્રતિ કિલોગ્રામ ચુકવવામાં આવ્યા હતા. **આમ ખાંડ જેવી નાની ખરીદીમાં મહેસાણા દૂધ સંઘ દ્વારા ₹ ૧૦.૨૯ પ્રતિ કિલોગ્રામ વધુ ચુકવવામાં આવ્યા હતા. આ રીતે ખાંડના પ્રાયવેટ સપ્લાયરને ₹ ૬.૪૭ કરોડ વધુ ચૂકવવામાં આવ્યા હતા.** આ તો ઉદાહરણ માત્ર છે. મહેસાણા દૂધ સંઘ દ્વારા કેટલફીડ માટે વાપરવામાં આવતા કાચા માલની ખરીદી અન્ય દૂધ સંઘોની સરખામણીએ મોટાભાગે વધારે હોય છે. દૂધ સંઘ દ્વારા કરવામાં આવતા કાચા માલની ખરીદી, પ્લાન્ટ અને મશીનરીની ખરીદીમાં મોટાપાયે ગેરવહીવટ આચરવામાં આવે છે. જેની નોંધ વખતોવખત સરકારી ઓડિટમાં કરવામાં આવેલ છે; તેમ છતાં પ્રતિ-ઉત્તર સંઘ દ્વારા આપવામાં આવેલ નથી.

૭. મહેસાણા દૂધ સંઘના સરવૈયા અને વાર્ષિક અહેવાલમાં દર્શાવતી ખોટી બાબતો :

(₹ કરોડમાં)

	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
વેચાણ	૨૩૩૭	૩૦૩૬	૩૪૦૬	૪૨૮૦
લોન	૧૦૫૧	૭૩૪	૧૩૫૯	૧૨૪૨
બેંક પાસેની ફિક્સ ડિપોઝિટ	૬૧૦	૫૫	૨	૨
વ્યાજ	૨૫	૬૩	૬૬	૧૦૨
ઘસારો	૨૫	૩૨	૫૩	૪૨
પરચૂરણ ખર્ચ	૭	૧૨	૧૮	૨૬
એડવાન્સીસ	૧૧૪	૨૦૦	૨૫૩	૨૭૨
સ્થગિત મહેસૂલી ખર્ચ				૩૧
ચોખ્ખો નફો	૧૦	૧૧	૧૨	૧૩

સ્રોતઃ મહેસાણા દૂધ સંઘના વાર્ષિક અહેવાલો

મહેસાણા સંઘે આયોજન વગરનાં રોકાણો જેવાં કે પ્લાન્ટ, મશીનરી અને મકાનો માટે ઊંચા વ્યાજના દરની લોન લીધેલ છે. જેને લીધે અંદાજિત ₹ ૧૨૫ કરોડના વધુ વ્યાજનો બોજ મહેસાણા દૂધ સંઘના દૂધ ઉત્પાદકોએ ઉઠાવવો પડેલ છે. આની અસર દૂધ ઉત્પાદકોને આપવામાં આવેલ ભાવમાં કિલો ફેટ દીઠ ₹ ૩૦ જેવી છે.

- છેલ્લાં ૪ વર્ષમાં પરચુરણ ખર્ચ ₹ ૭ કરોડથી વધીને ₹ ૨૬ કરોડ થયેલ છે.
- **વર્ષ ૨૦૧૩-૧૪ના સરવૈયામાં મહેસાણા સંઘે નુકસાની પછીના વર્ષમાં વિલંબિત કરી છે.**

અ) વિલંબિત મહેસૂલી ખર્ચ ₹ ૩૧ કરોડ છે. તેમણે જણાવ્યું છે કે, વર્ષ દરમ્યાન વધારાના ભાવ તફાવત માટે ₹ ૪૭ કરોડ દૂધ ઉત્પાદકોને ચૂકવ્યા છે; જે રકમ સંઘની શાખ જાળવવા હેતુ તથા બ્રાન્ડ બિલ્ડિંગ માટે રાખેલ છે. આવી જોગવાઈ કોઈ દૂધ સંઘમાં કરવામાં આવતી નથી. આ રકમનો બે તૃતીયાંશ ભાગ વિલંબિત મહેસૂલી ખર્ચ છે. હિસાબી ધોરણનું આ ગંભીર ઉલ્લંઘન છે.

બ) ઘસારામાં તેમણે અંદાજિત ₹ ૪૦ કરોડની રકમ ઓછી બતાવેલ છે, જે સરકારમાન્ય મૂલ્ય નિર્ધારક દ્વારા કરવામાં આવેલ પ્લાન્ટના વપરાશની વધ મર્યાદા વધારવાને કારણે છે.

ક) મહેસાણા દૂધ સંઘ દ્વારા આંકડાકીય માયાજાળ રચીને વર્ષ ૨૦૧૩-૧૪ના વ્યાજખર્ચની રકમને અંદાજિત ₹ ૩૦ કરોડથી ઓછી બતાવેલ છે.

ડ) મહેસાણા ડેરી દ્વારા ફેડરેશનના નિયામક મંડળની મંજૂરી વગર ₹ ૨૨ કરોડનું દાણ વિનામૂલ્યે વહેંચવામાં આવ્યું છે અને આ રકમ ફેડરેશન ખાતે ઉધારવામાં આવેલ છે જે યોગ્ય નથી.

ઉપરના મુદ્દાઓને કારણે થયેલ ₹ ૧૨૩ કરોડના નુકશાનને આગળના વર્ષમાં લઈ ગયેલ છે.

ઉપરોક્ત કારણોસર મહેસાણા જિલ્લાના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટ દીઠ ₹ ૩૦નું નુકસાન થયેલ છે.

અમે આશા રાખીએ છીએ કે અમારા દ્વારા રજૂ કરવામાં આવેલ આંકડા અને સાચી માહિતી દ્વારા સર્વે દૂધ ઉત્પાદકોને સાચી હકીકતનું જ્ઞાન થશે અને તેઓ તેમના તત્કાલીન નિયામક મંડળના સભ્યો પાસે જવાબ માંગશે.

દૂધ ઉત્પાદકોને વિદિત થાય કે ફેડરેશન દ્વારા તમામ દૂધ સંઘો પાસેથી ખરીદવામાં આવતા દૂધ અને દૂધની બનાવટો એકસરખા ભાવથી જ ખરીદવામાં આવે છે. ફેડરેશનની આ નીતિનો ફાયદો દરેક દૂધ સંઘ દ્વારા લેવામાં આવે છે અને દરેક દૂધ સંઘનો વિકાસ પણ થયેલ છે. ફેડરેશન તરફથી મળેલ ભાવ બાદ દૂધ સંઘ દ્વારા થતા ખર્ચાને બાદ કરીને દૂધ સંઘ દ્વારા દૂધ ઉત્પાદકોને ભાવ ચુકવવામાં આવે છે. આમ, દૂધ સંઘોની પણ જવાબદારી બને છે કે પોતાના ખર્ચા ઓછામાં ઓછા કરે અને દૂધ ઉત્પાદકોને મહત્તમ વળતર ચૂકવે.

અહીં આપેલ માહિતી દ્વારા દૂધ ઉત્પાદકોને ખ્યાલ આવ્યો હશે કે મહેસાણા દૂધ સંઘ દ્વારા પાછલા સાત-આઠ વર્ષોમાં ખૂબ ખોટા બિનજરૂરી રોકાણો અને ખર્ચા મનસ્વી રીતે કરેલ છે.

દૂધ સંઘના વહીવટકર્તાઓને ફેડરેશન દ્વારા અનેક મુલાકાત, મીટિંગ અને પત્રો થકી ખૂબ જ મોટાં બિનજરૂરી રોકાણો ના કરવા માટે ધ્યાન દોરેલ હતું. છતાં, બિનજરૂરી રોકાણોના નિર્ણયો મનસ્વી રીતે કરી દૂધ ઉત્પાદકોને ઓછા ભાવ આપીને લાંબા ગાળાનું નુકશાન કરેલ છે. મહેસાણા દૂધ સંઘ દ્વારા કરવામાં આવતા મનસ્વી બિનજરૂરી ખર્ચાઓ, કેટલફીડમાં વપરાતા કાચા માલની ખરીદીમાં થતી ગેરરીતિઓ, ઊંચા ભાવે ખાંડ ખરીદી, દૂધ સંઘમાં ખૂબ ઊંચા પગારે રાખવામાં આવેલ સલાહકારો, પ્લાન્ટ અને મશીનની બિનજરૂરી અને મનસ્વી રીતે કરેલ ખરીદી વગેરે માટેની નોંધ વખતો વખત સરકારી ઓડિટમાં કરવામાં આવેલ છે જેનો પ્રતિ-ઉત્તર દૂધ સંઘ દ્વારા હજુ આપવામાં આવેલ નથી.

તે ઉપરાંત દૂધ ઉત્પાદકોની સતત ફેડરેશન વિરુદ્ધ જાહેરમાં કાન ભંભેરણી કરેલ છે. દૂધ સંપાદન વધારવાને બદલે ખોટા અને બિનજરૂરી ખર્ચાઓ કરવાથી સંઘની નાણાંકીય પરિસ્થિતિ ખૂબ જ નબળી થઈ ગયેલ છે.

મહેસાણા દૂધ સંઘના તત્કાલીન નિયામકમંડળે ગુજરાત બહારના દૂધ ઉત્પાદકો પ્રતિ તરફદારીની નીતિ અપનાવી, આના કારણે મહેસાણા જિલ્લાના દૂધ ઉત્પાદકોએ કે જેમણે મહેસાણા દૂધ સંઘ ઊભો કરવામાં પાયારૂપ કામ કરેલ છે. તેમને ખૂબ મોટું નુકશાન થયું છે તેમજ કેટલાક નિર્ણયો દૂધ સંઘના કાર્યક્ષેત્રને સંલગ્ન ના હોવા છતાં લેવામાં આવેલ છે અને પરિણામે સંઘને નુકશાન થયેલ છે.

અત્રે આપવામાં આવેલ વિગતો અને માહિતી વાંચી સમજીને આપ સહમત થશો કે મહેસાણા દૂધ સંઘનાં ખોટા રોકાણ અને દૂધ સંપાદનમાં તથા વેચાણમાં ઘટાડા માટે મહેસાણા દૂધ સંઘના નિયામક મંડળના સભ્યો અને દૂધ સંઘના ઉચ્ચ અધિકારીઓ અણઘડ વહીવટ માટે જવાબદાર છે. આ માટે મહેસાણા દૂધ સંઘે પોતાના દોષનો ટોપલો ફેડરેશનના માથે ના ઢોળતાં આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

ફેડરેશનનો મુખ્ય હેતુ તમામ દૂધ ઉત્પાદકોને ઊંચું વળતર અને દૂધ સંઘનો ઉત્તરોત્તર વિકાસ છે. આ જ કારણસર આજે ગુજરાતનું સ્થાન સમગ્ર દેશમાં અગ્રેસર છે.

સહકારી સંસ્થાઓના વિકાસનો આધાર તેના નેતાઓની નિઃસ્વાર્થ ભાવના અને દૂરંદેશીને કારણે હોય છે. જેમ કે ખેડા દૂધ સંઘમાં શ્રી ત્રિભુવનદાસ પટેલ, મહેસાણા સંઘના શ્રી મોતીભાઈ ચૌધરી અને બનાસકાંઠા દૂધ સંઘના શ્રી ગલબાભાઈ ભટોળ.

સહકારી સંસ્થાઓમાં નેતૃત્વ સ્વકેન્દ્રી અને લાલચુ થઈ જાય ત્યારે સહકારી સંસ્થાઓનું પતન થતું હોય છે; અને તે સંજોગોમાં નાના દૂધ ઉત્પાદકોનો અવાજ દબાઈ જતો હોય છે. મહેસાણા જિલ્લાના દૂધ ઉત્પાદકોએ ખૂબ જાગૃત થવાની જરૂર છે જેથી સહકારી સંસ્થાઓનો સતત વિકાસ થતો રહે.

ફેડરેશન અને તેને સંલગ્ન સંસ્થાઓ, માનનીય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી ત્રિભુવનદાસ પટેલ, શ્રી મોતીભાઈ, ડૉ. કુરિયનની નિઃસ્વાર્થ ભાવનાઓ અને અથાગ પ્રયત્નોથી ઊભી થયેલ છે. અમે આપને ખાતરી આપીએ છીએ કે ફેડરેશન દ્વારા તેના કોઈ પણ દૂધ સંઘ તરફ કોઈપણ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી.

ફેડરેશનના નિયામક મંડળ વતી અને તેમના આદેશથી,

આર. એસ. સોઢી
મેનેજિંગ ડિરેક્ટર
ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ, આણંદ.